## <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા</u>

# <u>" અ ખ બા રી  યા દી "</u>

# <u>એસ. એસ. સી. પરીક્ષા માર્ચ–૨૦૧૭નું પરિણામ</u>

આથી ગુજરાત રાજયની તમામ માન્ય માધ્યમિક શાળાઓ તથા સંસ્કૃત પ્રથમાના પ્રધાનાચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, માર્ચ–૨૦૧૭માં લેવાયેલ ધોરણ ૧૦ની અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ, ગુણપત્રકો તથા એક અને બે વિષયોમાં સુધારણાને અવકાશ ધરાવતાં વિદ્યાર્થીઓની યાદી **તારીખ : ૨૯/૫/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૧૧–૦૦ થી ૧૬–૦૦ કલાક** દરમ્યાન જિલ્લાના નિયત વિતરણ સ્થળો પર વિતરણ કરવામાં આવશે. શાળાના લેટરપેડ પર આચાર્યશ્રીના સહી સિકકા સહીત ઓળખપત્ર રજુ કરી શાળાના પ્રતિનિધિએ પરિણામ મેળવી લેવાનું રહેશે. શાળાએ વિતરણના દિવસેજ પરિણામનું સાહિત્ય જે તે વિતરણ સ્થળેથી મેળવી લેવાનું રહેશે. શાળાના લેટરપેડ પર લખાયેલ મુખત્યારપત્ર સિવાય કોઈપણ સાહિત્ય મળી શકશે નહિ.

**વધુમાં દફતર ચકાસણી ( નામ, અટક, સ્પેલીંગ, જન્મ તારીખ શાળાકીય આંતરિક મૂલ્યાંકન વિગેરેમાં સુધારો) ની અરજીઓ તારીખ ૧૦/૬/૨૦૧૭ સુધી વડોદરા બોર્ડની કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવામાં આવશે તેમજ ગુણચકાસણીની અરજીઓ ( માર્ચ ૨૦૧૭માં બોર્ડ દ્વારા લેવાયેલ ૬ વિષયોના ગુણ બાબતે ) <u>તારીખ ૧/૬/૨૦૧૭ થી</u> <u>તારીખ ૧૦/૬/૨૦૧૭ દરમ્યાન જ માત્ર ઓનલાઈન માધ્યમથીજ બોર્ડની વેબસાઈટ પર સ્વીકારવામાં આવશે. પોસ્ટ દ્વારા કે રૂબરૂમાં બોર્ડની વડોદરા કચેરીમાં ગુણ ચકાસણીની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.</u>**

**વડોદરાઃ**

**તારીખ :** ૨૩/૫/૨૦૧૭

ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ, વડોદરા

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) માહિતી નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, બીજો માળ, જૂના સચિવાલય, ગાંધીનગર, જાહેર હિતમાં અખબારી યાદી વિના મૂલ્યે દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.

(૨) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી બિલ્ડીંગ, રાવપુર, વડોદરા તેમજ અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ, જામનગર અને જૂનાગઢને જાણ માટે તેમજ વિના મૂલ્યે ગુજરાત રાજયના તમામ દૈનિક અખબારોમાં લોકહિતે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૩) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૪) માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્ય.અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનેજાણ સારૂ.